# ROYAL RESONANCE

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 4 | October 2024



**Rtn. Stephanie A. Urchick** — Rotary International President
**Rtn. Tushar Shah** — District Governor
**Rtn. Harikrishna Parekh** — President
**Rtn. Viral Bhavsar** — Secretary
**Rtn. Nirav Doshi** — Bulletin Editor
**Rtn. Gaurav Rathod** — Design





તા. ૨૯/૧૦ ને મંગળવારે રોટરી રોયલ દ્વારા સમાજ ના છેવાડા ના બાળકો ને કે જ્યાં હજુ સુધી કોઈ પણ સંસ્થા કે NGO કે સામાજિક ટ્રસ્ટ પોહચ્યાં નથી ત્યાં સુધી પોહચી ને **ફટાકડા કીટ નું વિતરણ** કરવામાં આવ્યું હતું. **QR code ને scan કરીને Rs.૫૦૦/કીટ** લેખે ડોનેશન સ્વરૂપે એકત્રિત કરી તેમાંથી ફટાકડા ની કીટ નું ભાવનગર ના અંતરિયાળ વિસ્તાર જેવા કે **જુના બંદર પાસે ના મીઠા અને સફેદ ચૂના ના અગાર માં મજૂરી કામ કરતા મજૂરો ના બાળકો** માં દિવાળી ની ઉજવણી કરી સકે તે માટે ફટાકડા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ફટાકડાં કીટ વિતરણ સાથે રોટરી રોયલ એ ભાવનગર માં અનોખી પહેલ શરૂ કરી છે. મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા મજૂરો ના બાળકો માં ફટાકડા કીટ ના વિતરણ સાથે રોટરી રોયલ આ બાળકો ના મુખ પર ના સ્મીત નું કારણ બન્યું હતું અને રોયલ ના આ ઉમદા સેવા કાર્ય ની ભાવનગર ખાતે નોંધ લેવાઈ હતી. રોટરી રોયલ ના આ સેવા કાર્ય માં ભાવનગર ના લોકો એ મોટી સંખ્યામાં માં QR code scan કરી અનુદાન આપ્યું હતું.મોટી સંખ્યા માં ક્લબ મેમ્બર્સ આ કીટ વિતરણ માં જોડાયા હતા અને **અંદાજિત ૧૦૦ કીટ** નું પ્રથમ રાઉન્ડ માં વિતરણ કરવામાં આવ્યું હતું. તદ ઉપરાંત **સ્નેહા ફાઉન્ડેશન ના પણ નિરાધાર ૩૦ થી ૪૦** બાળકો માં ફટાકડાં કીટ નું રોયલ ફટાકડા મોલ પર થી વિતારણ કરવામાં આવ્યું હતું.હજુ પણ આગામી સમયમાં આ ઉમદા સેવા કાર્ય રોટરી રોયલ દ્વારા ચાલુ રાખવામાં આવશે તેવું પ્રેસિડેન્ટ રો.હરિભાઈ એ સ્વીકાર્યું છે. છેવાડા ના બાળકો સુધી પહોંચી આગામી સમય માં પણ વધુ સેવા ઓ પોહચડવામાં આવશે અને ખરા અર્થમાં માં રોટરી નો પાયા નો સિદ્ધાંત **“Service Above Self”** ને સિદ્ધ કરવા માં આવશે .













Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.
Phone : 9825 46 6969 ▪ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

## રોટરી રોયલ ફટાકડા મોલ












રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ નો મહત્વકાંક્ષી, પબ્લીક ઈમેજ, ફંડ રાઈઝિંગ પ્રોજેકટ એટલે **રોટરી રોયલ ફટાકડા મોલ**. દર વર્ષ ની જેમ જ આ વર્ષે પણ દિવાળી પહેલા ઓક્ટોમ્બર મહીનાથી રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા **વિશાળ અને સુવિધાજનક ભવ્ય ફટાકડા મોલ**નું આયોજન શહેરના હાર્દ સમા વાઘાવાડી રોડ પર ના નવનિર્મિત "વિક્ટોરિયા અક્ષર" માં કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરના ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ, રાજકીય આગેવાનો, સરકારી અધિકારીઓ તથા **DG શ્રી તુષારભાઈના** વરદ હસ્તે તા. ૨૨/૧૦/૨૪ના રોજ રોટરી રોયલ ફટાકડા મોલ નું ભવ્ય ઉદ્ઘાટન કરવા માં આવ્યું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે ક્લબ મેમ્બર્સ અને તેમના પરિવાર ના સભ્યો તથા મોટી સંખ્યામાં માં ભાવનગર ના લોકો હાજર રહ્યા હતા. આ સાથે D G શ્રી તુષારભાઈ સહિત તમામ હાજર મહાનુભાવોએ ફટાકડા મોલની મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ શ્રી તુષારભાઈ અને અન્ય હાજર મહેમાનોએ રોટરી રોયલના **વર્ષ ૨૦૨૫ના નવા કેલેન્ડર** નું વિમોચન પણ કર્યું હતું. રોટરી રોયલના આ ફટાકડા પ્રોજેકટ માં આ વર્ષે પણ પ્રખ્યાત કંપનીઓ ના ફટાકડા ની અવનવી વેરાયટીઓ ની વિશાળ રેન્જ લેવામાં આવી હતી, કે જે ભાવનગર ના બીજા કોઈ ફટાકડા સ્ટોર પર જોવા મળેલ ન હતી , તદ ઉપરાંત નાના બાળકો થી લઈ ને યુવાનો થી લઇ ને, મહિલા ઓ તથા સિનિયર સીટીઝન દરેક ની પસંદગી ના વિવિધ ફટાકડા ની વિશાળ રેન્જ આપણા ફટાકડા મોલ માં મૂકવામાં આવી હતી. આપણા ફટાકડા મોલ ની બીજી વિશેષતાઓ ની જો વાત કરીએ તો દરેક ખરીદી ઉપર **૧૦%ડિસ્કાઉન્ટ, વર્ષ ૨૦૨૫ નું આકર્ષક કેલેન્ડર, અન્ય ડિસ્કાઉન્ટ કુપાનો, વિદ્યાર્થીઓ માટે વિશેષ ડિસ્કાઉન્ટ અને લક્કી ડ્રો દ્વારા સાઈકલ તેમજ લેપટોપ બેગ જેવા અનેક ઇનામો** હતા.અત્રે ઉલ્લેખનીય છે કે રોટરી રોયલ ના આમંત્રણ ને માન આપી ને ફટાકડા મોલ પર આ વર્ષે પણ **ભાવનગર ના યુવરાજ શ્રી જયવીરરાજ સિંહજી** એ મુલાકાત લીધી હતી અને પોતાના પરિવાર માટે ફટાકડાં ની ખરીદી પણ કરી હતી. રોટરી રોયલ ફટાકડા મોલથી ક્લબ ને ખુબ જ સારી પબ્લીક ઈમેજ તો મળે જ છે તથા ફટાકડા ના વેચાણ થી એકત્રિત ભંડોળ માંથી ક્લબ સમગ્ર વર્ષ દરમ્યાન અનેક સેવાકિય પ્રોજેક્ટ્સ કરી સમાજ માં આગવુ યોગદાન પણ આપે છે. ફટાકડા પ્રોજેકટ એ માત્ર ફટાકડા નું વેચાણ નથી પરંતુ આપણે બધા ક્લબ મેમ્બર્સ ની લાગણીઓ , વિશ્વાસ, સ્નેહ, અને પારિવારિક ભાવનાઓનું વિશેષ બંધન અને મિલન છે. ફટાકડા સ્ટોર ના ઉદઘાટન સાથે એક વિશેષ **ફેલોશિપ** પણ આ વર્ષે ક્લબ મેમ્બર્સ અને પરિવાર ના સભ્યો એ માણી હતી જેમાં કુલ ૬ થી ૭ દિવસ સુધી પરિવાર સાથે વિવિધ વ્યંજનો ડીનર માં કલબ મેમ્બર્સ અને પરિવાર ના સભ્યો તથા બાળકો એ માણ્યા હતા. આ વર્ષે તા . ૨૨ **ઓક્ટોમ્બર થી ૩૧ ઓક્ટોમ્બર એમ કુલ ૧૦ દિવસ રોટરી રોયલ ફટાકડા મોલ** પ્રોજેકટ ચલાવવા માં આવ્યો હતો જેમાં અંદાજિત ૮૦૦૦ થી **૧૦,૦૦૦ જેટલા લોકો** એ આપણાં ફટાકડા મોલ ની મુલાકાત લીધી હતી. ફટાકડા મોલ ની દીવાલો પર રોયલ ના વિવિધ પ્રોજેક્ટ્સ અને પ્રવુતિઓ હાઇલાઇટ કરવામાં આવી હતી. પ્રોજેકટ ચેર રો. કૃષ્ણદેવ સિંહ ( K.K.bhai) એ પધારેલા મહાનુભાવો, યુવરાજ સાહેબ ને, અગ્રણીઓ તથા મહેમાનો ને રોટરી રોયલ ની વિવિધ પ્રવૃતિઓ થી માહિતગાર કર્યા હતા. ફટાકડા સ્ટોર ની સફળતા પાછળ કરવામાં આવતી મહેનત ની જો વાત કરીએ તો ફટાકડા ની ખરીદી, આકર્ષક ગોઠવણી, પ્રાઈઝ ટેગ, બિલિંગ, પેકિંગ, પ્રચાર, સોશિયલ મીડિયા પ્રચાર વગેરે ખુબ જ મુશ્કેલ કાર્ય હોઈ છે પણ આપણાં **ટીમ વર્ક** થી કઠીનમાં કઠીન કામ નિર્વિઘ્ને પાર પાડવામાં આવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે Rotaract અને Intract મેમ્બર્સ ઓ એ પણ પ્રોજેકટ સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી. ૧ નવેમ્બર ના રોજ લક્કી ડ્રો સાથે વિજેતા ને સાઈકલ ઈનામ માં આપવામાં આવી હતી તેમજ અન્ય વિજેતાઓ ને અન્ય વિવિધ ઇનામો થી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આમ,રોટરી રોયલ ફટાકડા મોલએ ભાવનગર ની જનતા માટે ખરા અર્થમાં ફટાકડાં ની ખરીદી નું પર્યાયી બની ગયું હતું.અંતમાં, ફટાકડા મોલ ની સુંદર જગ્યા અપાવવા બદલ, ફાયર NOC માટે મદદરૂપ , ફટાકડા ની ખરીદી, વિદ્યાર્થીઓ માં ડિસ્કાઉન્ટ કુપનો ની વહેચણી માં મદદરૂપ શાળા સંચાલકો અને શિક્ષક ગણ,દિવસ રાત શ્રમદાન આપતા મેમ્બર્સ, ડીનરના સહયોગીઓ અને ડીનર માટે અનુદાન આપનારા મેમ્બર્સ,સોશિયલ મીડિયામાં જાહેરાત અને પ્રચાર કરતા મેમ્બર્સ, Rotaract intracact મેમ્બર્સ સર્વેનો પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ અને સેક્રેટરી રો.વિરલ ભાઈ અને પ્રોજેકટ ચેર રો. કૃષ્ણદેવ સિંહ એ આભાર માન્યો હતો.

शुभ दीपावली

## ડેન્ટલ ચેક અપ કેમ્પ - અંકુર સ્કુલ





મિત્રો ,03.10.2024 ના રોજ, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા, **અંકુર શાળા ના 130 સ્પેશ્યલ બાળકો** નું ડેન્ટલ ચેક અપ કેમ્પ નું આયોજન અંકુર શાળા ખાતે કરવામાં આવ્યું હતું. આપણી ક્લબ ના ડો. શકીલ ભાઈ ( ડેન્ટલ સર્જન) અને તેમની ટીમ ના બીજા ૬ જેટલા નોન રોટેરિયાન ડોક્ટર મિત્રો એ આ કેમ્પ માં હાજર રહી શાળા ના કુલ ૧૩૦ જેટલા મંદબુદ્ધિ ના બાળકો ની દાંત ની તપાસ, નિદાન કરી જરૂરી સારવાર પૂરી પાડી હતી . આ સાથે તમામ બાળકો ને ડેન્ટલ કીટ પણ આપવામાં આવી હતી. રોટરી રોયલ દ્વારા મંદબુદ્ધિ ના બાળકો નું દર વર્ષે આજ રીતે કેમ્પ નું આયોજન કરી તપાસ, સારવાર, નિદાન કરવા માં આવે છે અને સમાજ સેવા નું ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું આ વિશેષ ડેન્ટલ કેમ્પ મા ડોક્ટરો ની ટીમ સાથે ક્લબ પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ , સેક્રેટરી રો. વિરલ ભાઈ અને મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ હાજર રહ્યા હતાં અને સમગ્ર કેમ્પ ને સફળ બનાવ્યો હતો. **ડેન્ટલ કીટ ના વિતરણ** સાથે મંદબુદ્ધિ ના બાળકો ના મુખ પર નું સ્મીત જોઈ ને કલબ પ્રેસિડેન્ટ રો.હરિભાઈ ભાવુક બન્યાં હતા અને સંસ્થા ને મંદબુદ્ધિ ના બાળકો માટે જોઈતી તમામ મદદ ની સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ને ખાત્રી આપી હતી.આ સાથે અંકુર શાળા ના શિક્ષકો અને ટ્રસ્ટ્રીઓ એ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ નો વિશેષ આભાર માન્યો હતો.

## રેલ્વે સ્ટેશન પર મજૂરી કામ કરતા કુલીઓને રાશન કીટ વિતરણ





મિત્રો આપ સૌ જાણો જ છો ભાવનગર રેલવે સ્ટેશન જે આખા ભારત માં માત્ર એક જ એવું સ્ટેશન છે જ્યાં માતા-બહેનો કુલી તરીકે કામ કરી રહ્યા છે. આ માતા બહેનો ને આવતા દિવસો માં દિવાળી નો તહેવાર આવી રહ્યો છે ત્યારે રોટરી કલબ ભાવનગર રોયલ આ બહેનો ને **રાશન કીટ, સાડી, મીઠાઈ** નું ડિસ્ટ્રીબ્યુશન ડિસ્ટ્રિક્ટ ગવર્નર ના હસ્તે તારીખ -22-10-24મંગળવાર સાંજે 5 કલાકે કરવા માં આવ્યું હતું. મહીલા કૂલીઓ સાથે પુરુષ કુલિઓ ને પણ દિવાળી નિમિતે ખાસ કીટ અને કપડાં તથા મીઠાઈ આપવા માં આવી હતી. **કુલ અંદાજિત ૧૫ થી ૨૦ પુરુષ અને મહીલા કુલીઓ** માં રોટરી રોયલ દ્વારા તૈયાર કરવામાં આવેલી કીટ **DG શ્રી તુષાર ભાઈ અને First Lady શ્રીમતી નેહલબેન** ની હાજરી માં વિતરણ કરવામાં આવી હતી ત્યારે આ પ્રસંગે રેલ્વે ના ઉંચ્ચ અધિકારીઓ તથા Station Master પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્લેટફોર્મ નં -૧ પર થી આપણે જ્યારે કુલી ઓ માં કીટ વિતરણ કરી રહ્યા હતાં ત્યારે મોટી સંખ્યામાં માં હાજર યાત્રીઓ એ આપણા આ સેવા કાર્ય ની નોંધ લીધી હતી અને રોયલ નાં આ પ્રોજેકટ ને બિરદાવ્યો હતો. સમગ્ર પ્રોજેકટ ને સફળ બનવા માટે રો. ચંદ્રસિંહ એ ભારે જહેમત ઊઠાવી હતી અને સુંદર આયોજન કર્યું હતું.

**મીઠાઈ સ્પોન્સર :રો.આશિષભાઈ શાહ**

## સુદામા ની જોળી - 30 ફેમિલી ને રાશન વિતરણ





રોટરી કલબ ઓફ ભાવનગર રોયલનો કાયમી પ્રોજેકટ સુદામા ની ઝોળી અંતર્ગત સેવા ની સરવાણી સ્વરૂપે **31 પરિવાર** ને આશરે રુ.700 ની કિંમતની કિટ (માસિક ખાદ્ય સામગ્રી) નું વિતરણતા. 22/10/24 ને મંગળવાર સાંજે 6.30 કલાકે ફટાકડા સ્ટોલ અક્ષરવાડી ની સામે વાઘાવાડી રોડ ખાતે કરવામાં આવ્યું હતું.દિવાળીને ધ્યાનમાં રાખી મીઠાઈનું બોક્સ પણ આપવામાં આવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે ફટાકડા મોલ ના ઉદઘાટન પ્રસંગે ખાસ ઉપસ્થિત આપણા **DG શ્રી તુષાર ભાઈ તથા First Lady શ્રીમતી નેહલબેન** આપણા કાયમી પ્રોજેકટ સુદામાની જોળી માં ઉપસ્થિત રહ્યા હતાં અને રોયલ ની આ કામગીરી બિરદાવી હતી.મીઠાઈ સાથે રાશન કીટ ના વિતરણ ના આપણા આ પ્રોજેકટ ને જોઈ ને પ્રથમ મહિલા શ્રીમતી નેહલબેન ભાવુક બન્યાં હતાં. સમગ્ર પ્રોજેકટ રો. મલયભાઇ અને રો.વિમલ ભાઈ એ સુંદર આયોજન સાથે પૂર્ણ કર્યો હતો.કીટ માં સહભાગી મીત્રો:શ્યામભાઇ મકાતી, સ્વ. રસીલાબેન મહેતા, ભાવનેશભાઈ મહેતા, માલતીબેન દાણી, મહેન્દ્રભાઈ છાટબાર, પ્રશાંતભાઈ જાની, ડો. મેહુલ જાની, હીરક મહેતા, વૈભવ વ્યાસ, ડો. નિહાર પૂરી, રિતેશ ઠક્કર, તરુણભાઇ વ્યાસ, હિતેશ ખંભાતી, ભાવિન કામદાર, પ્રણવ જોશી, યશ શાહ, ગીરીશભાઈ પંજાબી, ભાર્ગવભાઇ તથા મીઠાઈ ના સહયોગી શ્રી આશિષભાઈ શાહ

## DG Tushar Shahના જન્મદિનની ઉજવણી



રોટરી રોયલ પરીવાર એ પારંપરિક રીતે કોઈ પણ પ્રસંગ ને ભવ્ય રીતે ઉજવામાં માને છે અને પારિવારીક ભાવનાઓ અને સુમધુર સંબંધો ને લાગણી સભર બનાવી દે છે. આ વર્ષે ફટાકડા મોલ ના ઉદઘાટન પ્રસંગે ખાસ ઉપસ્થિત આપણા **DG શ્રી તુષારભાઈ** ની વિશેષ ઉસ્થિતિ હતી ત્યારે ૨૨/૧૦ ના રોજ ફટાકડા મોલ ના ઉદઘાટન સાથે DG શ્રી તુષારભાઈ ના જન્મ દિવસ ની પણ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. ઝળહળતી લાઈટો, ભવ્ય સાઉન્ડ સિસ્ટમ, અને ફટાકડા ની આતિશ બાઝી સાથે એક યાદગાર જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી હતી અને પારિવારિક ડીનન ફેલોશિપ માણી હતી.

## પ્રોજેક્ટ- હુંફ




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલના નિયમિત પ્રોજેક્ટ હુંફ અંતર્ગત  અને નવરાત્રી ઉત્સવના ભાગરૂપે,આપણી ક્લબ "નંદ ઘર" આંગણવાડી ની બાલીકાઓ માટે ઘરેણાં(ornament)અને છોકરા ઓ માટે સ્ટડી કીટનું વિતરણ કર્યું હતું. કુલ **૩૦ થી ૪૦ જેટલા બાળકો** માં નવરાત્રી અને દિવાળી તહેવાર ને ધ્યાન માં રાખી કીટ નું વિતરણ ક્લબ મેમ્બર્સ ના સ્પાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટ વિગતો: તારીખ:સાપ્તાહિક-દરેક અઠવાડિયા માં એક વાર  સમય: 11:00 AM

## Campaign : Join Rotary to Make a Change in Society



During Bhavnagar's largest Garba event, "Rangoli", from October 11, 2024. A barcoded allowed over 1200 Non Rotarian to learn about the club's project, sparking significant interest in joining Rotary. Involving 21 Club Members and 12 Rotaractors. This initiative showcased Rotary's commitment to community improvement & inspired attendees to contribute to

## the 4 Way Test

..OF THE THINK WE SAY OR DO

1. Is it the TRUTH?
2. Is it FAIR to all concerned?
3. Will it Build GOODWILL and BETER FRIENDSHIP?
4. Will it be BENEFICIAL to all concerned?

## TOGETHER WE SEE A WORLD WHERE PEOPLE UNITE AND TAKE ACTION TO CREATE LASTING CHANGE ACROSS THE GLOBE IN OUR COMMUNITIES AND IN OURSELVES

As we work together to build a stronger world, Rotary's Action Plan - our strategic plan - is leading our organization to form more meaningful connections and make a more sustainable difference through service. Using the plan's four priorities as a guide, we're fulfilling the vision of Rotary International and The Rotary Foundation: creating healthy clubs, providing engaging experiences for all, and uniting people to take action with us to create lasting change.

INCREASE OUR IMPACT | EXPAND OUR REACH | ENHANCE PARTICIPANT ENGAGEMENT | INCREASE OUR ABILITY TO ADAPT

**Key Components of the Action Plan**

***1. Increasing Our Impact :*** Rotary aims to amplify its positive influence through evidence-based decision-making. By focusing on impactful projects and initiatives, Rotary seeks to create meaningful change. These large-scale, high-impact projects attract exceptional partners and leverage the capacity, expertise, and enthusiasm of Rotary members. The first recipient of this multimillion-dollar initiative was Partners for a Malaria-Free Zambia.

***2. Expanding Our Reach :*** Rotary is committed to inclusivity, engagement, compassion, and ambition. It transcends borders, generations, languages, and cultures to connect people worldwide. The success of the Polio eradication program, achieved through collaborations with governments, health organizations, and NGOs, serves as a model. Rotary aims to replicate this ability to form new partnerships, becoming the preferred choice for collaboration.

3. Enhancing Participant Engagement: Building relationships across time and distance is crucial. Rotary encourages active participation, collaboration, and meaningful connections among its members. By engaging members in decision-making and planning, Rotary fosters an environment where diverse voices are heard and equity is provided to all members.

***4. Increasing Our Ability to Adapt :*** Adaptability is key in a rapidly changing world. Rotary strives to evolve, innovate, and remain relevant while staying true to its core values.

Innovation and inclusion are very important. Exploring the possibility of inducting an eminent non-Rotarian as an Independent Director on club boards can provide valuable outsider perspectives.

Rotary leaders are dedicated to implementing the Action Plan, a five-year strategic roadmap with continual progress monitoring. Rotary clubs and members are encouraged to actively live out the principles of the Action Plan, choosing any or all of the strategic priorities per their requirements.

***(Written by PDG Gurjeet S. Sekhon, Zone-4 Action Plan Champion)***

## રેગ્યુલર મિટીંગ :

**મિટિંગ - 1**

તારીખ - ૧૬-૧૦-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

**ફેમિલી ફેલોશીપ**

તારીખ - ૨૫ થી ૩૦-૧૦-૨૦૨૪, ૮:૩૦ સાંજે
સ્થળ - રોટરી રોયલ ફટાકડા મોલ, વાઘાવાડી રોડ

## HAPPY ANNIVERSARY

05th October
Rtn. Arjun Parekh

28th October
Rtn. Vardhman Shah

30th October
Rtn. Raheel Merchant

31st October
Rtn. Abbas Varteji

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| 4th October | Rtn. Ritesh Thakkar |
| 6th October | Rtn. Chirag Trivedi |
| 8th October | Rtn. Ram Ramani |
| 17th October | Rtn. Sohil Dholakiya |
| 21st October | Rtn. Malay Badheka |
| 22nd October | Rtn. Dr. Sanjiv Ravisaheb |
| 25th October | Rtn. Ankit Bhadiyadra |
| 27th October | Rtn. Paurav Bhatt |
| 28th October | Rtn. Hitesh Vyas |
| 28th October | Rtn. Ronak Mehta |

